### પાલિકાની આરોગ્ય શાખા દ્વારા શંકાસ્પદ સેમ્પલ લેવાયા, હજારોનો દંડ વસૂલાયો

# કેમિકલથી ફ્રુટ પકવતા વેપારીઓ પર તંત્રની 'સર્જિકલ સ્ટ્રાઈક', લાયસન્સ વગર ચાલતી વખારો સીલ

**મ્યુનિસિપલ** કમિશનરની સૂચનાથી કોર્પોરેશનની 5 પાંખોનું આર.વી. દેસાઈ રોડ પર જોઈન્ટ ઓપરેશન




(પ્રતિનિધિ) વડોદરા. તા.22

શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા અને ફળોને ઝડપથી પકવવા માટે પ્રતિબંધિત કેમિકલ તથા કાર્બાઇડનો ઉપયોગ કરતા વેપારીઓ સામે વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય શાખાએ સખત કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં કૃત્રિમ રીતે પકવાયેલા ફળોના વેચાણ અંગે ઉઠેલી ફરિયાદોને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના માર્ગદર્શન હેઠળ ખાસ ચેકિંગ ડ્રાઈવ યોજાઈ હતી.

આરોગ્ય વિભાગની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ફ્રુટ વખારો અને દુકાનોમાં ઓચિંતા દરોડા પાડ્યા હતા. ખાસ કરીને આર.વી. દેસાઈ રોડ વિસ્તારમાં આવેલી ફ્રુટ માર્કેટમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સંયુક્ત કામગીરીમાં આરોગ્ય શાખા ઉપરાંત દબાણ, સેનેટરી, માર્કેટ અને ફૂડ શાખાની ટીમો પણ જોડાઈ હતી. તપાસ દરમિયાન ફળોને કુદરતી રીતે પકવવામાં આવે છે કે નહીં તેની ચકાસણી સાથે શંકાસ્પદ ફળોના નમૂનાઓ લેબોરેટરી તપાસ માટે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન 'સમરસ ફ્રુટ' નામની દુકાનમાં ગંભીર બેદરકારી સામે આવી હતી. દુકાન પાસે જરૂરી ફૂડ સેફ્ટી લાયસન્સ ન હોવાને કારણે તંત્ર દ્વારા દુકાન તાત્કાલિક બંધ કરાવવામાં આવી હતી. ઉપરાંત નિયમોના ભંગ બદલ વેપારીઓ પાસેથી રૂ.5 હજારથી 6 હજાર સુધીનો દંડ પણ વસૂલવામાં આવ્યો હતો.

ફૂડ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે વેપારીઓ લાયસન્સ માટે કાયદેસર અરજી કરશે ત્યારબાદ જ મંજૂરી આપવામાં આવશે. આરોગ્ય વિભાગની આ કાર્યવાહીથી ફ્રુટ માર્કેટના વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. અધિકારીઓએ ચેતવણી આપી હતી કે ફળોને પકવવા માટે પ્રતિબંધિત કેમિકલનો ઉપયોગ કરનારાઓ સામે આગામી સમયમાં પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

#### કોની પાસેથી કેટલો દંડ વસૂલાયો?

1) **રૂ. 5,000 નો દંડ :** સાબર ફ્રુટ સેન્ટર, એસ.કે. ગ્રીન કોકોનટ
2) **રૂ. 2,500 નો દંડ :** ચંદુલાલ લાલચંદ, સિ.એન. બરોડા, એસ.કે. ફ્રુટ, સુંદરલાલ ઠાકોરદાસ, લક્ષ્મણદાસ દયાળદાસ, દીપકભાઈ શિસંતભાઈ ચંદાની, મોતીભાઈ જેઠાનંદ, ભોલેનાથ ફ્રુટ, મહાવીર ફ્રુટ, જુલેલાલ ફ્રુટ સેન્ટર
3) **રૂ. 1,500 નો દંડ :-** ગાંધી મસાલા
4) **રૂ. 1,00પી નો દંડ :-** હરેશભાઈ ડંકાણી, આર.જી.એમ ફ્રુટ, શિવ શક્તિ રસ ઘર, સંતોષભાઈ
5) **રૂ. 500 નો દંડ :-** પ્રકાશભાઈ સંતરામદાસ
6) છૂટક લારીઓ પાસેથી કુલ દંડ :- **રૂ. 3,500/-**

### ઊભેલા ડમ્પરે વધુ એક પરિવારનો ચિરાગ બુઝાવ્યો

# વાસદ એક્સપ્રેસ વે પર વચ્ચે ઊભેલા ડમ્પર પાછળ આઈસર ઘૂસી જતાં યુવકનું મોત

**ગંભીર** રીતે ઘવાયેલા ચાલકે ગોત્રી હોસ્પિટલમાં દમ તોડ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.22

ભરૂચ જિલ્લાના પાલેજ વિસ્તારના રહેવાસી મોહસીન ચૌહાણ માલસામાન ભરેલું આઈસર વાહન લઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન વાસદ એક્સપ્રેસ વે પર માર્ગ વચ્ચે ઊભેલા અશોક લેલેન્ડ ડમ્પર પાછળ તેમનું વાહન જોરદાર અથડાયું હતું. અકસ્માત બાદ હાઈવે પર અફરાતફરી મચી ગઈ હતી અને આસપાસના વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા.

ગંભીર રીતે ઘવાયેલા મોહસીન ચૌહાણને તાત્કાલિક સારવાર માટે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે તબીબોની ભારે જહેમત છતાં ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને સંબંધીઓ હોસ્પિટલ ખાતે દોડી આવતા શોકનો માહોલ સર્જાયો હતો.

મૃતકના સંબંધી સૈયદ મોહમ્મદ અલીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે એક્સપ્રેસ વે પર વાહનો ગમે ત્યાં પાર્ક કરવામાં આવતા અકસ્માતો વધી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે આ સ્થળે અગાઉ પણ અનેક અકસ્માતો થઈ ચૂક્યા છે. તેમણે તંત્ર સમક્ષ ટ્રાફિક નિયમન માટે પૂરતો સ્ટાફ તૈનાત કરવાની, લેન વ્યવસ્થાનું કડક પાલન કરાવવાની અને અકસ્માતપ્રવણ સ્થળોએ જરૂરી સુધારા કરવાની માંગ કરી હતી.

હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ડમ્પર ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કલાલીની ફોનિક્સ સ્કૂલ વેકેશન ટાણે ચાલુ રહેતા વિવાદ,નિયમોના લીરેલીરા ઉડાવ્યા

**ડીઈઓ** કચેરીથી એક ટીમ આજે સ્કૂલ ખાતે પહોંચી તપાસ કરશે

**સરકારના** પરિપત્રનો અનાદર કરનારને સાંખી નહિ લેવાય કાર્યવાહી કરાશે : ડીઈઓ

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

આગામી 7 જૂન સુધી તમામ શાળાઓમાં 35 દિવસનું ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે, તેમ છતાં વડોદરાના કલાલી વિસ્તારમાં આવેલી ફોનિક્સ સ્કૂલ વેકેશનમાં ચાલુ રહેતા વિવાદ સર્જાયો છે. આ બાબત ધ્યાને આવતા ડીઈઓ કચેરી ખાતેથી એક ટીમ સ્કૂલ ખાતે જઈ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાર મેથી સાત જુન સુધી 35 દિવસ દરમિયાન ઉનાળુ વેકેશન જાહેર કરવા પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો અને તમામ સ્કૂલોને પણ સૂચના આપવામાં આવી હતી કે, જો આ સમયગાળા દરમિયાન કોઈ પણ શાળાનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોવાનું જણાશે તો તેની સામે નિયમ અનુસારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જોકે વડોદરામાં કલાલી વિસ્તારમાં આવેલી ફોનિક્સ સ્કૂલ દ્વારા શિક્ષણ વિભાગના આ પરિપત્રના લીરેલીરા ઉડાવવામાં આવ્યા છે. આ સ્કૂલ વેકેશન દરમિયાન પણ ચાલુ રહેતા વિવાદ સર્જાયો છે. ગઈકાલે કલાલીની ફોનિક્સ સ્કૂલ વેકેશન દરમિયાન ચાલુ જોવા મળી હતી. મોટી સંખ્યામાં બાળકોને અભ્યાસ કરવા માટે બોલાવવામાં આવ્યા હતા. કેટલાક વાલીઓ અને વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ આ શાળા સંચાલકોએ ફક્ત સાત થી નવ દિવસનું જ વેકેશન આપ્યું છે. બાકીના સમયમાં બાળકોને ફરજિયાત સ્કૂલે બોલાવવામાં આવી રહ્યા છે અને જો કોઈ પૂછે તો કહેવું અધર એક્ટિવિટી માટે બોલાવ્યા છે, તેવું ખોટું બોલવા માટે પણ સમજણ આપી રહ્યા છે. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જોકે કેટલાક દિવસથી આ સ્કૂલ કાર્યરત રહી છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને સ્કૂલમાં બોલાવવામાં આવી રહ્યા છે. ત્યારે, આ વાતથી જિલ્લા શિક્ષણ અધિકારી અજાણ હોય તેવો ઘાટ સર્જાયો હતો. શુક્રવારે તેમને આ બાબતની જાણ થતા કાર્યવાહી કરાશે તેઓ નન્નો ભણ્યો હતો. ડીઈઓ મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતેથી એક ટીમ મોકલવામાં આવશે અને એની સામે પગલાં પણ લેવામાં આવશે. ખાસ તો તમામ વાલીઓને નમ્ર અપીલ છે કે, હાલ વેકેશન છે વેકેશન એ બાળકોને માણવાની વસ્તુ છે બાળકોને ફરવા માટે વેકેશન હોય છે. બૌદ્ધિક રીતે જે થાક લાગ્યો હોય તેને દૂર કરવાનો આ સમય છે, સાથે સાથે વેકેશનના સમય દરમિયાન બાળકોને થોડો આરામ કરાવીએ શાળાએ ન મોકલીએ,ખૂબ ગરમીની સિઝન છે. એટલે આવી જો કોઈ સ્કૂલ હોય અને તમને મેસેજ આવે શાળા તરફથી તો અમને જાણ કરવી. જેથી કરીને અમે એની સામે પગલા ભરી શકીએ.

# નવલખી મેદાનમાં ભવ્ય "શ્રી ગિરિરાજ કૃપા મહોત્સવ" યોજાશે

**1100 ગાયોના** સાનિધ્યમાં ગૌચારણ મનોરથ

2100 કુંડી મહાયજ્ઞ અને અતુલ પુરોહિતના કંઠે રાસોત્સવથી ધર્મમય બનશે વડોદરા

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે વડોદરાના નવલખી મેદાન ખાતે વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીની પ્રેરણાથી Vallabh Youth Organization (VYO) અને વ્રજધામ સંકુલ દ્વારા ભવ્ય "શ્રી ગિરિરાજ કૃપા મહોત્સવ"નું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવને લઈને વૈષ્ણવ સમાજ અને ધર્મપ્રેમીજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મહોત્સવ દરમિયાન વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના સ્વમુખેથી ત્રિદિવસીય શ્રીમદ્ ભગવદ્ ગીતા વચનામૃત સત્ર યોજાશે, જેમાં 15 હજારથી વધુ વૈષ્ણવો લાભ લેશે. મહોત્સવનું મુખ્ય આકર્ષણ 250 ફૂટ લાંબા અને 70 ફૂટ ઊંચા વિરાટ ગિરિરાજજીનું નિર્માણ છે. ગિરિરાજજીની તળેટીમાં શ્રી ગિરિરાજ પ્રભુ 1100 ગાયો સાથે ગૌચરણ કરતા બિરાજમાન થશે.

વ્રજભૂમિના પવિત્ર કુંડોના પ્રસાદી જળ, પવિત્ર રજ અને વિશાળ ફાઉન્ટેનથી સમગ્ર મેદાનને વ્રજધામનો અહેસાસ કરાવવામાં આવ્યો છે. 24 મેના રોજ 1100 ગાયોના સાનિધ્યમાં 2100 કુંડી "શ્રી પુરુષોત્તમ સહસ્ત્રનામ મહાયજ્ઞ" યોજાશે. ઉપરાંત 1100 વૈષ્ણવ પરિવારોના ઠાકોરજી એકસાથે બિરાજમાન થશે.

25 મેના રોજ લોકપ્રિય ગાયક અતુલ પુરોહિતના કંઠે ભવ્ય રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવમાં મોટી સંખ્યામાં યુવાનો, બાળકો અને વડીલો જોડાઈ ધાર્મિક માહોલનો લાભ લેશે.

### સાત દિવસથી રસ્તા પર ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય

# ગોરવામાં દશા માતાજી મંદિર પાસે ગટરના ગંદા પાણીનો ત્રાસ, સ્થાનિકોમાં રોષ

મચ્છરોના ઉપદ્રવથી રોગચાળાનો ભય, વેપારીઓ અને રાહદારીઓ ભારે હાલાકીમાં



(પ્રતિનિધિ) વડોદરા તા.22

સંસ્કારી નગરીના ગોરવા વિસ્તારમાં આવેલી દશા માતાજીની ચોકડી પાસે છેલ્લા એક અઠવાડિયાથી ગટરના ગંદા પાણી રસ્તા પર ઉભરાઈ રહ્યા હોવાથી સ્થાનિક રહીશો, વેપારીઓ અને રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. મંદિરની આસપાસ દુર્ગંધયુક્ત પાણી ભરાઈ જતા સમગ્ર વિસ્તાર ગંદકીથી ઘેરાઈ ગયો છે અને લોકોમાં રોષ ફેલાયો છે.

આ મુખ્ય ચાર રસ્તા પર દશા માતાજી મંદિર ઉપરાંત કેનેરા બેંક પણ આવેલી હોવાથી દરરોજ મોટી સંખ્યામાં લોકો અહીંથી અવરજવર કરે છે. ગંદા પાણી અને કાદવના કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે તેમજ વાહનો સ્લિપ થવાની ઘટનાઓ પણ વધી રહી છે. તીવ્ર દુર્ગંધના કારણે વેપારીઓના ધંધા પર પણ અસર પડી રહી છે, કારણ કે ગ્રાહકો આવવાનું ટાળી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ભરઉનાળામાં સાતથી આઠ દિવસ સુધી પાણી ભરાયેલા રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જેના કારણે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગચાળાનો ભય પણ ઉભો થયો છે. ખોડિયાર સોસાયટી, નારાયણનગર અને સત્યનારાયણ સોસાયટીના રહીશો તથા બાળકો માટે પણ પરિસ્થિતિ મુશ્કેલ બની ગઈ છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે ટ્રેનિટી કોમ્પ્લેક્સની આંતરિક ગટર લાઇન તૂટી જવાના કારણે ગંદુ પાણી બહાર આવી રહ્યું છે, છતાં સત્તાધીશો કોઈ કાર્યવાહી કરી રહ્યા નથી. વિસ્તારના કોર્પોરેટરો અને પાલિકાના અધિકારીઓ રોજ આ રસ્તેથી પસાર થતા હોવા છતાં સમસ્યા યથાવત રહેતા લોકોમાં નારાજગી વ્યાપી છે.

### લવ ફ્યૂઝન કપ-૨૬ બેડમિન્ટન ટૂર્નામેન્ટ યોજાઈ

# બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ટીમ રાઈઝ ચેમ્પિયન : ડાયમંડ સ્પોર્ટસ રનર્સ-અપ

**યુવાનો** સાથે અનુભવી ખેલાડીઓ એક સાથે મેદાનમાં ઉતર્યા




(પ્રતિનિધિ) વડોદરા

શહેરના સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ગુજરાત બેડમિન્ટન એસોસિએશન અને બરોડા બેડમિન્ટન એસોસિએશનના માર્ગદર્શન હેઠળ લવ ફ્યૂઝન કપ-2026 બેડમિન્ટન ટૂર્નામેન્ટ યોજાઈ હતી. ટૂર્નામેન્ટમાં 14 વર્ષથી 61 વર્ષ સુધીના ખેલાડીઓએ ભાગ લઈ યુવાનો અને અનુભવી ખેલાડીઓનું અનોખું સંમિશ્રણ સર્જ્યું હતું.

ગુજરાતના વડોદરા, અમદાવાદ, સુરત, રાજકોટ સહિત વિવિધ શહેરોમાંથી રમતવીરો જોડાયા હતા. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમ રાઈઝ વિજેતા રહી જ્યારે ટીમ ડાયમંડ સ્પોર્ટ્સ રનર્સ-અપ રહી હતી. પ્રતિષ્ઠા ટ્રોફીમાં ટીમ લવ બેડીઝ વિજેતા બની હતી. ટૂર્નામેન્ટમાં ખેલાડીઓને ટ્રોફી સાથે રૂ.26,510ની ઈનામી રકમ આપવામાં આવી હતી. 76 વર્ષીય દારા સુરતીને બેડમિન્ટનમાં લાંબા યોગદાન બદલ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો. ઉપરાંત વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

### રખડતા પ્રાણીઓથી નાગરિકોમાં ભયનો માહોલ

# વડોદરામાં હવે બિલાડીઓનો વધ્યો આતંક, SSG હોસ્પિટલમાં મહિને 50થી વધુ કેસ

**ડો. હિતેન્દ્ર** ચૌહાણની ચેતવણી - ઘરગથ્થુ ઉપચાર નહીં, તુરંત લો એન્ટી-રેબીઝ સારવાર




(પ્રતિનિધિ) વડોદરા. તા.22

વડોદરા શહેરમાં રખડતા શ્વાનો બાદ હવે બિલાડીઓનો આતંક પણ ચિંતાનો વિષય બન્યો છે. સયાજી હોસ્પિટલના સત્તાવાર આંકડા મુજબ શહેરમાં દર મહિને સરેરાશ 50થી વધુ લોકો બિલાડીના હુમલાનો ભોગ બની રહ્યા છે. જેના કારણે નાગરિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે શહેરની સોસાયટીઓ, ફ્લેટો અને જાહેર માર્ગો પર રખડતા પ્રાણીઓનો ઉપદ્રવ સતત વધી રહ્યો છે. અત્યાર સુધી લોકો માત્ર કુતરાઓ અને આખલાઓથી પરેશાન હતા, પરંતુ હવે બિલાડીઓના હુમલાના બનાવોમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે પરિસ્થિતિ વધુ જોખમી બની રહી છે.

સયાજી હોસ્પિટલના આરએમઓ ડો. હિતેન્દ્ર ચૌહાણએ જણાવ્યું હતું કે બિલાડી કે અન્ય પ્રાણી કરડે ત્યારે તેને હળવાશથી ન લેવું જોઈએ. બિલાડીના કરડવાથી પણ હડકવા જેવી જીવલેણ બીમારી થવાનો ખતરો રહે છે. લોકો મરચું, હળદર કે તેલ લગાવવા જેવા ઘરગથ્થુ ઉપચારોમાં સમય બગાડે છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે.

તેમણે સલાહ આપી હતી કે પ્રાણી કરડે ત્યારે તરત જ ઘાને સાબુ અને વહેતા પાણીથી 10થી 15 મિનિટ સુધી સાફ કરવો અને વિલંબ કર્યા વગર હોસ્પિટલ પહોંચીને એન્ટી-રેબીઝ વેક્સિન લેવી જરૂરી છે.

હોસ્પિટલના આંકડા મુજબ એપ્રિલ મહિનામાં 1215 લોકોને એન્ટી-રેબીઝ વેક્સિન આપવામાં આવી હતી, જેમાંથી 117 કેસ બિલાડી કરડવાના હતા. નાગરિકોએ મહાનગરપાલિકા પાસે રખડતી બિલાડીઓના નિયંત્રણ માટે પણ ખાસ અભિયાન શરૂ કરવાની માંગ કરી છે.

# શહેરના વિવિધ વિસ્તારમાંથી દબાણો ખસેડી 48,500 દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં ટ્રાફિક અને જાહેર માર્ગો પરના દબાણો દૂર કરવા માટે વડોદરા મહાનગરપાલિકાએ કડક ઝુંબેશ હાથ ધરી હતી. દબાણ અને સિક્યુરિટી શાખાએ શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો દૂર કરી ટ્રકભર સામાન જપ્ત કર્યો હતો તેમજ હજારો રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ કામગીરી દરમિયાન ગરનાળા પોલીસ ચોકીથી ફતેપુરા ચાર રસ્તા અને લાલ અખાડા સુધી ભરાતી શુક્રવારી બજારમાં પથારાના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ઉપરાંત પટેલ પાર્ક, સરદાર એસ્ટેટ સર્કલ, કમલાનગર તળાવ અને આજવા ચોકડી વિસ્તારમાં પણ દબાણો હટાવાયા હતા. પશ્ચિમ વિસ્તારમાં ગોરવા ITI ગેટ પાસે ટ્રાફિકને અડચણરૂપ 9 ફૂડ ટેમ્પો જપ્ત કરવામાં આવ્યા હતા. પાલિકાએ 1 ટ્રક જેટલો સામાન પણ કબજે લીધો હતો. ખંડેરાવ માર્કેટ પાછળ વેરાઈ માતા ચોકથી લીટલ ફ્લાવર સ્કૂલ સુધી ખોરાક શાખા, માર્કેટ શાખા અને દબાણ વિભાગ દ્વારા ફૂડ લાયસન્સ ચેકિંગ હાથ ધરાયું હતું. નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ પાસેથી રૂ.48,500નો દંડ વસૂલાયો હતો.

### 1.5 લાખથી વધુ ભક્તો ઓનલાઈન જોડાશે

# વડોદરામાં આજથી ભવ્ય 'ગુરુભક્તિ મહોત્સવ' યોજાશે

**પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી** મહારાજના 92મા પ્રાગટ્ય દિન નિમિત્તે 10 હજાર હરિભક્તો ઉપસ્થિત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

સંસ્કારી નગરી વડોદરાના કારેલીબાગ ખાતે આગામી 23 મેના રોજ ભવ્ય અને દિવ્ય 'ગુરુભક્તિ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મલીન પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી મહારાજના 92મા પ્રાગટ્ય દિન નિમિત્તે તેમના યુવા ઉત્થાન, આધ્યાત્મિકતા અને સંસ્કારના વિરાટ કાર્યને બિરદાવવા હરિપ્રબોધમ્ પરિવાર દ્વારા આ મહોત્સવ યોજાશે.

પ.પૂ. પ્રબોધસ્વામીજી મહારાજની નિશ્રામાં યોજાનારા આ મહોત્સવમાં વડોદરા-ભરૂચ જિલ્લાના આશરે 10 હજાર હરિભક્તો પ્રત્યક્ષ ઉપસ્થિત રહેશે, જ્યારે ગુજરાત તેમજ દેશ-વિદેશમાં વસતા 1.5 લાખથી વધુ ભક્તો ઓનલાઈન માધ્યમથી જોડાશે. કાર્યક્રમ દરમિયાન હરિપ્રસાદસ્વામીજી મહારાજના જીવનમંત્ર 'આત્મીયતા' અને સમાજમાં લાવેલા પરિવર્તનને ભક્તિનૃત્ય, સંવાદ અને વિશેષ ડિજિટલ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવશે.

આજના સોશિયલ મીડિયા અને વ્યસનના યુગમાં Gen-Z પેઢીને સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવાનો સંકલ્પ પણ મહોત્સવનું મુખ્ય આકર્ષણ રહેશે. આયોજકોના જણાવ્યા મુજબ યુવાનોમાં ભક્તિ, આધ્યાત્મિકતા અને સકારાત્મક જીવનમૂલ્યોનું સિંચન કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

કાર્યક્રમ કારેલીબાગ સ્થિત અંબાલાલ પાર્ક ગરબા ગ્રાઉન્ડ ખાતે યોજાશે. સાંજે 6થી 7:30 સુધી મહાપ્રસાદ અને રાત્રે 8થી 10:30 દરમિયાન મુખ્ય ગુરુભક્તિ મહોત્સવ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. મહોત્સવમાં રાજકીય, સામાજિક, ધાર્મિક અને વહીવટી ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.

# વિજયનગર બ્રહ્માકુમારીસ સેવા કેન્દ્રમાં ત્રણ દિવસીય સમર કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.22

પ્રજાપિતા બ્રહ્માકુમારીસ વિજયનગર સેવા કેન્દ્ર દ્વારા બાળકો માટે "ડિવાઈન ચિલ્ડ્રન્સ સમર કેમ્પ" તેમજ વડીલો માટે "બોડી એન્ડ માઈન્ડ ફિટ એન્ડ ફાઈન" નામે ત્રણ દિવસીય નિઃશુલ્ક કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન યોગાચાર્ય દુષ્યંત મોદીજી અને તેમની ટીમ દ્વારા બાળકો અને વડીલોને સંપૂર્ણ આરોગ્ય માટે યોગ, પ્રાણાયામ, મુદ્રા તથા વિવિધ આસનો સરળ અને અસરકારક રીતે શીખવવામાં આવ્યા હતા.

ડિવાઈન ચિલ્ડ્રન્સ કેમ્પમાં ડૉ. ફાલ્ગુનીબેન, યોગા કોચ હર્ષાબેન, આમોદભાઈ, જાદુગર મુકેશભાઈ તથા બ્રહ્માકુમારીસ વિજયનગર સેવા કેન્દ્રની મુખ્ય સંચાલિકા બીકે પારુલદીદી દ્વારા બાળકોને વેલ્યૂઝ ગેમ્સ, મેડિટેશન, જાદુના પ્રયોગો, હેલ્થ ટિપ્સ, ડ્રોઈંગ સ્પર્ધા અને "પાવર ઓફ ગ્રેટિટ્યુડ" જેવી પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

આ બંને કેમ્પમાં મોટી સંખ્યામાં વડીલો તથા ૧૦૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં આશીર્વાદ અને પ્રોત્સાહન આપવા માટે વોર્ડ નં. ૬ના કોર્પોરેટર શ્રી પવનભાઈ હેમનાની, શ્રી રણજીતભાઈ રાજપૂત, શ્રી ધરતીબેન સોની તથા શ્રી અનિતાબેન વીરપુરા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની હાજરીએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. એમ બીકે પારુલદીદી, વિજયનગર સેવા કેન્દ્ર એ માહિતી આપી હતી.

# ચાર્જઝોનને QCFI વડોદરા સેફ્ટી કન્વેન્શનમાં ગોલ્ડ કેટેગરી એવોર્ડથી સન્માનિત કરાયા




(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ભારતના અગ્રણી અને વિશ્વસનીય ઈલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ નેટવર્કમાં સ્થાન ધરાવતી ચાર્જઝોનને QCFI વડોદરા ચેપ્ટર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત સેફ્ટી કન્વેન્શન ૨૦૨૬માં ગોલ્ડ કેટેગરી એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ૧૫,૦૦૦થી વધુ ચાર્જિંગ પૉઈન્ટ્સ ધરાવતી ચાર્જઝોનને આરોગ્ય, સલામતી અને પર્યાવરણ (HSE) ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ ગૌરવ પ્રાપ્ત થયું છે.

આ કન્વેન્શનમાં વિવિધ ઉદ્યોગોના સેફ્ટી નિષ્ણાતો, પ્રેક્ટિશનર્સ અને મેનેજર્સ એકત્રિત થઈ કાર્યસ્થળ સલામતી અને શ્રેષ્ઠ કાર્યપદ્ધતિઓ અંગે ચર્ચા કરી હતી. ચાર્જઝોન તરફથી કરણ પ્રજાપતિ, મિતેશ કવૈયા અને પર્વ ભાવસારે કંપનીની સક્રિય HSE સંસ્કૃતિ, કર્મચારીકેન્દ્રિત સલામતી પ્રક્રિયાઓ અને સતત સુધારાની પહેલોને રજૂ કરતી પ્રભાવશાળી પ્રેઝન્ટેશન આપી હતી.

પ્રેઝન્ટેશનમાં જોખમ ઓળખ, કર્મચારી સહભાગિતા, તાલીમ અને સશક્તિકરણ દ્વારા વધુ સુરક્ષિત કાર્યસ્થળ ઉભું કરવાની કંપનીની પ્રતિબદ્ધતા પર ભાર મૂકાયો હતો. કંપનીના વરિષ્ઠ નેતૃત્વના માર્ગદર્શન અને સલામતી પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાને પણ આ સિદ્ધિનું મુખ્ય કારણ માનવામાં આવ્યું.

આ પ્રસંગે ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું હતું કે, "આ એવોર્ડ અમારા માટે ગૌરવની સાથે EV ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં વધુ ઉચ્ચ સલામતી ધોરણો સ્થાપિત કરવાની પ્રેરણા છે."

# વડોદરામાં રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાયો : 123 ઉમેદવારોએ ભાગ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

મદદનીશ નિયામક રોજગાર કચેરી અને મોડલ કરિયર સેન્ટર તરસાલી દ્વારા આઈટીઆઈ કેમ્પસ ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરતી મેળામાં 18થી 35 વર્ષની વયના 123 પુરુષ અને મહિલા ઉમેદવારોએ ભાગ લીધો હતો. એસએસસી, એચએસસી, આઈટીઆઈ તથા ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વિવિધ કંપનીઓ દ્વારા ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા.

મેળામાં વડોદરાની 6 કંપનીઓએ ભાગ લઈ ફીટર, વેલ્ડર, ડીઝલ મિકેનિક, કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ, રિલેશનશિપ ઓફિસર અને ટ્રેઈની સહિત 125થી વધુ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં 47 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરી તેમને રૂ.14 હજારથી 22 હજાર સુધીના માસિક પગારની ઓફર આપવામાં આવી હતી.

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Bardoli Division
66 kV SS Compound, Surat-Bardoli Road, Bardoli 394 601
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos. 35 to 48) are invited from registered firms/parties for works including erection and maintenance of HT/LT lines and T/C structures, emergency works and UG cable works at various sub- divisions under the jurisdiction of Bardoli Division. For further details, please visit www.nprocure.com.

EE (O&M), Bardoli Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

**ફાઈલ નં. 17/56/2022-FPD**
**ભારત સરકાર**
**પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય**
**ખતરનાક પદાર્થ પ્રબંધન વિભાગ**
**ઈન્દિરા પર્યાવરણ ભવન, જલ બ્લોક, બીજો માળ, જોર બાગ રોડ, અલીગંજ, નવી દિલ્હી - 110003**

**વિષયઃ મંત્રાલયના HSM વિભાગ હેઠળના 24x7 ક્રાઈસિસ કંટ્રોલ રૂમ (CCR) માં કરાર આધારિત ચાર (04) રિસર્ચ એસોસિએટ્સની ભરતી માટેની જાહેરાત.**

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હીના 'ખતરનાક પદાર્થ પ્રબંધન' (HSM) વિભાગમાં આવેલા 24x7 ક્રાઈસિસ કંટ્રોલ રૂમ (CCR) માં રિસર્ચ એસોસિએટની ચાર (04) જગ્યાઓ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. મંત્રાલયની તારીખ 15.04.2025 ની માર્ગદર્શિકા અનુસાર, પસંદગી પામેલા ઉમેદવારોને પ્રતિ રિસર્ચ એસોસિએટ રૂા. 40,000/- પ્રતિ માસ ફિક્સ (એકત્રિત) વેતન આપવામાં આવશે. આ ખાલી જગ્યા અંગેના પરિપત્રની સંપૂર્ણ વિગતો મંત્રાલયની સત્તાવાર વેબસાઇટ www.moef.nic.in પર 'Recruitment' (ભરતી) લિંક હેઠળ ઉપલબ્ધ છે.

મંત્રાલયની વેબસાઇટ પર આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી 21 દિવસની અંદર અરજી સ્વીકારવામાં આવશે.

**વૈજ્ઞાનિક 'ઈ'**
cbc13101/11/0001/2627